**નામદાર નેશનલ કંપની લૉ ટ્રીબ્યુનલ સમક્ષ**
**અમદાવાદની બેન્ચમાં**
**કંપની એપ્લીકેશન (સીએએ) નં ૫/૨૩૦-૨૩૨/એનસીએલટી એએચએમ/૨૦૧૭**

કંપની ધારા ૨૦૧૩ની બાબતમાં;
અને
કંપની ધારા ૨૦૧૩ની કલમ
૨૩૦-૨૩૨ની સાથે અન્ય જોગવાઇઓ ની બાબતમાં;
અને
કેડીલા હેલ્થકેર લિમિટેડ ની બાબતમાં;
અને
કેડીલા હેલ્થકેર લિમિટેડ અને ઝાયડસ હેલ્થકેર લિમિટેડ અને તેમના લાગંતા વળગતા શેરધારકો અને લેણદારોની વચ્ચે યોજનાની વ્યવસ્થા બાબતે;

કેડીલા હેલ્થકેર લિમિટેડ
કંપનીઝ એક્ટ ૧૯૫૬ હેઠળની હાલની ચાલુ કંપની, જે તેની
રજી. ઓફિસ ઝાયડસ ટાવર, સેટેલાઇટ ક્રોસ રોડઝ,
સરખેજ-ગાંધીનગર હાઇવે, અમદાવાદ-૩૮૦૦૧૫
ગુજરાત, ભારત ખાતે ધરાવે છે ............ અરજદાર કંપની

**અરજદાર કંપનીના ઇક્વિટી શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોના મિટીંગની નોટીસ**

આથી સૂચના આપવામાં આવે છે કે બુધવાર, ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭ ના દિવસે કરવામાં આવેલ અંતિમ આદેશ દ્વારા, માનનીય નેશનલ કંપની લો ટ્રીબ્યુનલ, બેન્ચ, અમદાવાદ (NCLT) એ અરજદાર કંપનીના ઇક્વિટી શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોની અલગ અલગ મિટીંગ, કેડીલા હેલ્થકેર લિમિટેડ અને ઝાયડસ હેલ્થકેર લિમિટેડ તથા તેમના લાગતા વળગતા શેરધારકો અને લેણદારો વચ્ચે વ્યવસ્થા-યોજના ("યોજના") ને, સુધારા સાથે અથવા સુધારા વગર, મંજુરી આપવા માટે બોલાવવી.

NCLT ના અંતિમ આદેશાનુસાર આથી વધુમાં નોટિસ આપવામાં આવે છે કે ઇક્વિટી શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોની મિટીંગ નીચેના જણાવ્યા મુજબ સમય અને સ્થળે યોજાશે અને ઇક્વિટી શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારો ને હાજરી આપવા વિનંતી છે.

| અનુક્રમ નંબર | મિટીંગના પ્રકાર | મિટીંગની તારીખ | સમય | મિટીંગનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ઇક્વિટી શેરધારકો | ગુરુવાર, ૩૦ માર્ચ ૨૦૧૭ | સવારે ૧૦:૦૦ વાગે | જે.બી. ઓડીટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, ડૉ. વિક્રમ સારાભાઇ માર્ગ, અટીરા, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત. |
| ૨ | સુરક્ષિત લેણદારો | | સવારે ૧૧:૦૦ વાગે | |
| ૩ | અસુરક્ષિત લેણદારો | | બપોરે ૧૨:૦૦ વાગે | |

યોજના, એક્સપ્લેનેટરી સ્ટેટમેન્ટ, જે કંપની ધારા ૨૦૧૩ની કલમ ૨૩૦(૩), ૨૩૨(૧) અને (૨) તથા ૧૦૨ જે કંપનીઝ (કોમ્પ્રોમાઇઝીસ, એરેન્જમેન્ટસ અને અમાલગમેશન્સ) નિયમો, ૨૦૧૬ ના નિયમ ૬ સાથે વાંચવામાં આવે છે, તથા પ્રોક્સી ફોર્મ ની નકલ વિનામૂલ્યે ૧ દિવસમાં (શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ સિવાય) શેરધારકો / લેણદારો અરજદાર કંપનીના ઉપર જણાવ્યા મુજબ ના રજીસ્ટર્ડ ઓફિસ એડ્રેસ અથવા તેના એડ્વોકેટ્સ મે. સિંઘી એન્ડ કું, સિંઘી હાઉસ, ૧, મેગ્નેટ કોર્પોરેટ પાર્ક, સોલા બ્રીજ નજીક, એસ. જી. હાઇવે, અમદાવાદ-૩૮૦૦૫૯, ગુજરાત, ભારત ખાતે મેળવી શકાય છે.

મિટિંગ માં હાજરી આપવા તથા વોટ કરવા માટે હકદાર વ્યક્તિ, જાતે અથવા પ્રોક્સી દ્વારા વોટ આપી શકે છે, જો પ્રોક્સી ફોર્મ અરજદાર કંપની ની ઉપર જણાવ્યા મુજબની રજીસ્ટર્ડ ઓફીસમાં, મિટીંગ ના સુનિશ્ચિત સમયના ૪૮ કલાક પહેલા જમા કરવામાં આવશે તો. પ્રોક્સી ના ફોર્મ અરજદાર કંપનની રજીસ્ટર્ડ ઓફીસમાંથી મેળવી શકાય છે.

NCLT એ શ્રી હુમાયું ધનરાજગીર, અરજદાર કંપનીના સ્વતંત્ર ડિરેક્ટર અને તેમની ગેરહાજરી માં શ્રી અપૂર્વ દિવાનજી, અરજદાર કંપનીના સ્વતંત્ર ડિરેક્ટરને ઇક્વિટી શેરધારકો, સુરક્ષિત લેણદારો અને અસુરક્ષિત લેણદારોની મિટીંગ્ઝના અધ્યક્ષ તરીકે નિમણુંક કરી છે.

યોજના, જો ઉપરોક્ત મિટીંગ્સમાં મંજૂર થશે, તો તે NCLT ની અનુગામી મંજૂરીને આધીન હશે.

આથી અરજદાર કંપનીના ઇક્વિટી શેરધારકોને વધુમાં નોટિસ આપવામાં આવે છે કે;

૧) અરજદાર કંપનીએ યોજનાને મંજુર કરવા માટે, ઇક્વિટી શેરધારકોને **પોસ્ટલ બેલટ** તથા ઇ-વોટીંગ ની સુવિધા પુરી પાડવામાં આવી છે. અરજદાર કંપનીએ મિટીંગના સ્થળે વોટ કરવા માટે પોસ્ટલ બેલટ અથવા બેલટ પેપરની સુવિધા પુરી પાડવામાં આવી છે. ઇ-વોટીંગ સેવાઓ માટે અરજદાર કંપનીએ સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઇન્ડીયા) લિમિટેડ ("CDSL") ની સેવાઓ લીધેલ છે.

૨) પોસ્ટલ બેલોટ અથવા મિટિંગના સ્થળ ઉપર મતદાન કરવા માટે પોલ પેપર અથવા ઇ-વોટિંગ દ્વારા મતદાન કરવા માટે ઇક્વિટી શેરધારકોની યોગ્યતા નક્કી કરવા માટે ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ની તારીખ નક્કી કરવામાં આવી છે (કટ ઓફ તારીખ). જે વ્યક્તિનું નામ, કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સ અથવા ડિપોઝીટરીઝ દ્વારા જાળવવમાં આવતું રજીસ્ટર ઓફ બેનીફીસીયલ ઓનર્સ માં તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ હશે, તે મતદાન કરવા માટે હકદાર રહેશે. જે વ્યક્તિ કટઓફ તારીખના રોજ અરજદાર કંપનીના ઇક્વિટી શેરધારક નથી, તેઓએ આ નોટિસ ફક્ત જાણકારી માટે ગણવી.

૩) ઇક્વિટી શેરધારકો દ્વારા પોસ્ટલ બેલટ તથા ઇ-વોટિંગ દ્વારા મતદાન કરવા માટે નો સમય તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સવારે ૯:૦૦ વાગે શરૂ થશે અને તારીખ ૨૯મી માર્ચ ૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ વાગે સમાપ્ત થશે;

૪) પુરુ ભરેલ અને હસ્તાક્ષર કરેલુ પોસ્ટલ બેલટ ફોર્મ સ્ક્રુટિનાઇઝર ને ૨૯મી માર્ચ ૨૦૧૭ ના સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પહોંચવું જોઇએ. કોઇપણ પોસ્ટલ બેલટ ફોર્મ જો ૨૯મી માર્ચ ૨૦૧૭ ના સાંજે ૫:૦૦ વાગ્યા પછી મળશે, તો તેને માન્ય રાખવામાં આવશે નહિ અને એવું માનવામાં આવશે કે ઇક્વિટી શેરધારકો પાસેથી જવાબ મળ્યો જ નથી. ઇ-વોટિંગ મોડ્યુલ ૨૯મી માર્ચ ૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ વાગે CDSL દ્વારા નિષ્ક્રિય કરવામાં આવશે.

૫) અરજદાર કંપનીએ નોટિસ તથા પોસ્ટલ બેલટ, તેના નિયમો સાથે, **તથા સેલ્ફ** એડ્રેસ્ડ પોસ્ટેજ પ્રીપેડ બિઝનેસ રીપ્લાય એન્વેલપ, જે વ્યક્તિ કંપનીના શેર, ફીઝીકલ અથવા ડીમેટ ફોર્મમાં, કટ-ઓફ તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ ધરાવે છે, તેમને મોકલવાનું કામ તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ પુર્ણ કર્યું છે.

૬) જે ઇક્વિટી શેરધારકોને પોસ્ટલ બેલટ ફોર્મ નથી મળ્યું, તે કંપનીની વેબસાઇટ **www.zyduscadila.com** ઉપરથી ડાઉનલોડ કરી શકે છે અથવા નકલી પોસ્ટલ બેલટ અરજદાર કંપનીના ઉપર જણાવ્યા મુજબની રજીસ્ટર્ડ ઓફિસમાંથી મેળવી શકે છે;

૭) મતદાનના સમયગાળા દરમિયાન, ઇક્વિટી શેર ધારકો, પોસ્ટલ બેલટ અથવા ઇ-વોટિંગ, આ બેમાંથી માત્ર એક જ રીતથી વોટ કરી શકસે. જે ઇક્વિટી શેરધારક, બન્ને રીતથી - પોસ્ટલ બેલટ અને ઇ-વોટિંગ દ્વારા મતદાન કરશે, તો ઇ-વોટિંગ નું મતદાન માન્ય ગણાશે. ઇક્વિટી શેરધારકો, જેઓએ પોસ્ટલ બેલટ તથા ઇ-વોટિંગ મારફતે વોટિંગ કર્યું હશે, તે મિટીંગમાં હાજર રહી શકસે; પરંતુ ફરીથી વોટ કરવા હકદાર રહેશે નહી.

૮) નોટિસ તથા પોસ્ટલ બેલટ ફોર્મ અને ઇ-વોટિંગ ની સૂચનાઓ કંપનીની વેબસાઇટ **www.zyduscadila.com** તથા **CDSL** ની વેબસાઇટ **www.cdslinda.com** ઉપર ઉપલબ્ધ છે.

૯) શ્રી હીતેશ બુચ, વ્યવસાયી કંપની સેક્રેટરી (**FCS No. 3145 / CP No. 8195**) ની પોસ્ટલ બેલટ તથા ઇ-વોટિંગ તથા મિટીંગના સ્થળ પરનું વોટિંગ, ન્યાયથી અને પારદર્શક રીતે થાય તે માટે નિમણૂંક કરવામાં આવી છે;

૧૦) પોસ્ટલ બેલટ થી મતદાન કરવાના સંબંધ માં કોઇપણ પ્રશ્ન / ફરિયાદ, અરજદાર કંપનીના કંપની સેક્રેટરી શ્રી ઉપેન શાહ ને સંબોધીને ઉપર જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઓફિસ એડ્રેસ ઉપર કરી શકાય છે; અથવા ઇ-મેઇલ આઇડી - **upen.shah@zyduscadila.com, Phone No.: +91 79 26868100 (20 lines).** ઇ-વોટિંગ ને લાગતા પ્રશ્નો/ ફરિયાદ શ્રી રાકેશ દલવી, આસીસ્ટન્ટ મેનેજર, સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઇન્ડીયા) લિમિટેડ ને સંબોધીને કરી શકાય છે. ઇ-મેઇલ આઇડી - **helpdesk.evoting@cdslindia.com, Phone No.: 1800 200 5533.**

સુરક્ષિત તથા અસુરક્ષિત લેણદારોની મિટીંગમાં બેલટ/પોલ પેપર દ્વારા મતદાન કરી શકાસે. આ મિટીંગો માટે શ્રી હીતેશ બુચ ની સ્ક્રુટિનાઇઝર તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૭

હુમાયું ધનરાજગીર
મિટીંગ્સ માટે નિમણૂંક કરેલ અધ્યક્ષ

Zydus
**CADILA HEALTHCARE LIMITED**
Cadila Healthcare Limited

**Corporate Identity Number (CIN) - L24230GJ1995PLC025878**
**Registered office:** Zydus Tower, Satellite Cross Roads,
Sarkhej-Gandhinagar Highway, Ahmedabad-380 015, Gujarat, India.
**Tel : +91 79 2686 8100 E-mail : upen.shah@zyduscadila.com Website : www.zyduscadila.com**